# બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા

## સત્સંગ શિક્ષણ પરીક્ષા

## ઉકેલપત્ર : સત્સંગ પ્રાજ્ઞ - દ્વિતીયખંડ

### પ્રશ્નપત્ર-૧

**સમય : સવારે ૯ થી ૧૨** **રવિવાર, ૧ માર્ચ, ૨૦૦૯** **કુલ ગુણ : ૧૦૦**

**અભ્યાસક્રમના વચનામૃત :- કારિયાણીઃ ૧૦, ૧૧, ૧૨ ગઢડા મધ્ય પ્રકરણઃ ૨, ૭, ૧૧, ૧૨, ૧૩, ૧૬, ૨૨, ૨૮, ૩૩, ૪૭, ૫૧, ૫૫, ૫૯, ૬૧, ૬૩**

**વિભાગ : ૧ 'વચનામૃત' નવમી આવૃત્તિને આધારે)**

**પ્ર.૧ નીચે આપેલાં સૈધ્ધાંતિક વાક્ય, દૃષ્ટાંત કે વિષયમાંથી કોઈ પણ ત્રણ ઉપર મુદ્દાસર નોંધ લખો. (કુલ ગુણ : ૨૧)**

**☞ નોંધ : જવાબોની સમજૂતિ માટે નીચેના મુદ્દાઓની આવશ્યકતા.**

| | |
|---|---|
| ૧. પરોક્ષ શાસ્ત્રોનું પ્રમાણ, પરોક્ષના ભક્તોનાં કીર્તન / શ્લોક અથવા સાખી | ૧ ગુણ |
| ૨. શ્રીજીમહારાજના વચનામૃત અથવા સ્વામીની વાતુના પ્રમાણ | ૧ ગુણ |
| ૩. નંદ પંક્તિનાં કીર્તનો અથવા ગુરુ પરંપરાના કીર્તનો - સાખી અથવા આપણા અન્ય શાસ્ત્રો | ૧ ગુણ |
| ૪. ઉપરના સંદર્ભો વધુ સ્પષ્ટ કરતાં પ્રસંગો અથવા દૃષ્ટાંતો બે કે તેથી વધુ. | ૩ ગુણ |
| ૫. પ્રગટ સત્પુરુષના અનુસંધાન સાથે ઉપસંહાર. | ૧ ગુણ |
| ૬. આપનો નિર્ણય આખરી ગણાશે. | |

**૧. પાણીની સેરનું દૃષ્ટાંત અને સિદ્ધાંત. (ગ.મ. ૨)**

જ. જેમ કૂવામાં પાણીની સેર્ય આવતી હોય પછી તેને ગોદડાંના ગાભા ભરીને બંધ કરે ત્યારે તે કૂવો ગળાય, તેમ બાહ્ય ઈન્દ્રિયોને નિયમમાં રાખવે કરીને બાહ્ય વિષયનો અંતઃકરણમાં પ્રવેશ ન થાય.

**૨. કલ્યાણનું બળવાન સાધન - રાજનીતિ. (ગ.મ. ૧૨)**

જ. જેમ કોઈક રાજા હોય ને તે બુદ્ધિહીન હોય પછી એના ઘરનાં મનુષ્ય હોય તે પણ તેનું વચન માને નહિ. પછી એ વાર્તાની જ્યારે ગામના મનુષ્યને ખબર પડે ત્યારે ગામમાં પણ કોઈ હુકમ માને નહિ. પછી દેશનાં મનુષ્ય એ વાત સાંભળે ત્યારે દેશનાં મનુષ્ય પણ કોઈ હુકમ માને નહિ. પછી તે રાજા ગ્લાનિ પામીને અસમર્થ થઈને બેસી રહે અને કોઈ ઉપર હુકમ ચલાવે નહિ. તેમ રાજાને ઠેકાણે જીવ છે અને ઘરનાં મનુષ્યને ઠેકાણે અંતઃકરણ છે ને ગામનાં ને દેશનાં મનુષ્યને ઠેકાણે ઈન્દ્રિયો છે. તે જ્યારે એ જીવ નાદાર થઈને બેસે ને પછી અંતઃકરણ ઉપર હુકમ કરીને પરમેશ્વર સન્મુખ રાખવાને ઈચ્છે ત્યારે અંતઃકરણ એનું કહ્યું કરે નહિ અને ઈન્દ્રિયોને વશ રાખવા ઈચ્છે તો ઈન્દ્રિયો પણ એને વશ રહે નહિ. પછી એ જીવ કાયાનગરને વિષે રાજા છે તો પણ રાંકની પેઠે ઓશિયાળો થઈ રહે છે. અને જ્યારે રાજા નાદાર થાય ત્યારે તેના નગરને વિષે મનુષ્ય હોય તે સાંઢ થઈને બેસે છે ને રાજાનું લેશમાત્ર ચાલવા દે નહિ. તેમ આ જીવના કાયાનગરને વિષે પણ જે કામાદિક રાજા નથી તે રાજા થઈને બેસે છે અને એ જીવનું લેશમાત્ર ચાલવા દેતા નથી. માટે જેને કલ્યાણને ઈચ્છવું તેને એવું નાદારપણું રાખવું નહિ

**૩. 'અમારે તો ભગવાનનો રાજીપો થયા સારુ જન્મોજન્મ ભગવાનના ભક્તની જ સેવા કરવી છે.' (ગ.મ. ૨૮)**

જ. **૧.** જેનું રૂડું થાય છે તે પણ ભગવાનના ભક્તની સેવામાંથી જ થાય છે અને જેનું ભૂંડું થાય છે તે પણ ભગવાનના ભક્તના દ્રોહમાંથી જ થાય છે. અને વળી જીવને ભગવાનને રાજી કર્યાનો ઉપાય તો મન-કર્મ-વચને ભગવાનના ભક્તની સેવા કરવી એ જ છે, અને ભગવાનના ભક્તનો દ્રોહ કરવો એ જ ભગવાનને કુરાજી કરવાનો ઉપાય છે. **૨.** માટે અમારે તો ભગવાનનો રાજીપો થયા સારું જન્મોજન્મ ભગવાનના ભક્તની જ સેવા કરવી છે અને જેમ અમારો નિશ્ચય છે તેમ જ તમારે પણ નિશ્ચય કરવો.

**૪. 'બુદ્ધિવાન હોય તેને તો સ્વરૂપનિષ્ઠા જ દૃઢ રાખવી, તો તે ભેળી ધર્મનિષ્ઠા પણ દૃઢપણે રહેશે.' (ગ.મ. ૧૬)**

જ. ધર્મના બખતરરૂપ એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તે અંતર્ધાન થયા પછી ધર્મ કેને શરણે રહ્યો ? માટે ધર્મ તે ભગવાનની મૂર્તિને જ આશરે રહે છે. તે સારું જે ભગવાનની મૂર્તિને વિષે નિષ્ઠા રાખે તેને ભગવાનનું સ્વરૂપ હૃદયમાં રહે, એટલે તેના હૃદામાં ધર્મ પણ રહે. માટે જે સ્વરૂપનિષ્ઠા રાખે તેને ધર્મનિષ્ઠા સહજે જ રહે અને એકલી ધર્મનિષ્ઠા રાખે તો સ્વરૂપનિષ્ઠા મોળી પડી જાય છે, તે કારણપણા માટે બુદ્ધિવાન હોય તેને સ્વરૂપનિષ્ઠા જ દૃઢ કરીને રાખવી તો તે ભેળી ધર્મનિષ્ઠા પણ દૃઢપણે રહેશે.

**૫. કારણ શરીર ટાળ્યાનો ઉપાય - સંત સમાગમ. (કારિ. ૧૨)**

જ. તે જીવની કારણ શરીરરૂપ જે માયા તે વજ્રસાર જેવી છે, તે કોઈ રીતે જીવથી જુદી પડતી નથી. માટે જ્યારે એ જીવને સંતનો સમાગમ મળે ને તે સંતને વચને કરીને પરમેશ્વરનું સ્વરૂપ ઓળખ્યામાં આવે ને તે પરમેશ્વરના સ્વરૂપનું ધ્યાન કરે ને તે પરમેશ્વરના વચનને હૃદામાં ધારે તેણે કરીને એ કારણ શરીર છે તે બળીને ખોખા જેવું થઈ જાય છે.

**પ્ર.૨ નીચે આપેલાં અવતરણોની પૂર્તિ કરો અને વચનામૃતનો ક્રમાંક ટાંકો. (કુલ ગુણ : ૧૫)**

> ☞ **નોંધ : (૧) વચનામૃત અવતરણની પૂર્તિના ૨½ ગુણ અને વચનામૃત ક્રમાંકનો ½ ગુણ.**
> **(૨) વચનામૃત ક્રમાંક સાથે આપેલા આંકડા અવતરણ નંબર છે. જે પરીક્ષાર્થીએ લખેલા હોવા જરૂરી નથી.**

૧. ‘માટે જેને ભગવાનને વિષે પ્રીતિ હોય તે ભગવાનની આજ્ઞા કોઈ કાળે લોપે નહિ. જેમ ભગવાનનું ગમતું હોય તેમજ રહે એ પ્રીતિનું લક્ષણ છે’. **(કા. ૧૧)** (૪)

૨. ‘તેમ ઈન્દ્રિયો છે તેને ક્યારેય વિષય થકી તૃપ્તિ થઈ નથી ને થશે પણ નહિ. માટે હવે તો વિષયની આસક્તિ ત્યાગ કરીને અને સાધુ જેમ વઢીને કહે તેમ ગુણ લેવો પણ અવગુણ લેવો નહિ.’ **(ગ.મ. ૪૭)** (૨૪)

૩. ‘જે ગૃહસ્થ હોય તે તો પોતાનું જે સર્વસ્વ તે ભગવાન ને ભગવાનના ભક્તને અર્થે કરી રાખે અને સત્સંગને અર્થે માથું દેવું હોય તો દે. અને જે ઘડીએ પોતાના ઈષ્ટદેવ આજ્ઞા કરે જે, ‘તું પરમહંસ થા.’ તો તે તત્કાળ પરમહંસ થાય. એવાં જેના લક્ષણ હોય તે હરિભક્ત સભાને આગળ બેસે અથવા વાંસે બેસે પણ તેને જ સર્વે હરિભક્તમાં મોટેરો જાણવો.’**(ગ.મ.૬૧)**(૩૨)

૪. ‘એકાંતિક ભક્ત હોય તે પોતાનું રૂપ દેહ માને નહિ ને પોતાને ચૈતન્યરૂપ માને અને સ્વધર્મ, જ્ઞાન ને વૈરાગ્ય તેણે સહિત ભગવાનની ભક્તિ કરે ને એક ભગવાન વિના બીજા કોઈ પદાર્થની વાસના રાખે નહિ.’ અને એ જ્યારે એ ભગવાનને ભજીને આવી રીતનો સાધુ થયો ત્યારે સાધુ થકી કોઈ બીજી મોટી પદવી નથી. **(ગ.મ. ૨૨)** (૧૯)

૫. ‘માટે સત્પુરુષની આજ્ઞા પ્રમાણે જે રહે છે તે જ રૂડા દેશકાળાદિકને વિષે રહ્યો છે અને જે સત્પુરુષની આજ્ઞાથી બહાર પડ્યો તે જ તેને ભૂંડા દેશકાળાદિકનો યોગ થયો છે. માટે સત્પુરુષની આજ્ઞાને વિષે વર્તે છે તે જ આત્મસત્તારૂપે વર્તે છે.’ **(ગ.મ. ૫૧)** (૨૬)

**પ્ર.૩ નીચે આપેલાં વિષયોમાંથી કોઈ પણ <u>એક</u> ઉપર અભ્યાસક્રમના વચનામૃતનો ક્રમાંક નોંધી બે અવતરણો લખો. (કુલ ગુણ : ૪)**

> ☞ **નોંધ : (૧) વચનામૃત અવતરણના ૧½ ગુણ અને વચનામૃત ક્રમાંક - ½ ગુણ.**
> **(૨) અવતરણના અંતે કૌંસમાં આપેલા આંકડા અવતરણ નંબર છે. જે પરીક્ષાર્થીએ લખેલા હોવા જરૂરી નથી.**

૧. **સેવા : ૧. (ગ.મ. ૭)** વૈરાગ્યહીન હોય તે તો કોઈ મોટા સંત હોય, તેની અતિશય સેવા કરે અને પરમેશ્વરની આજ્ઞામાં જેમ કહે તેમ મંડ્યો રહે પછી પરમેશ્વર તેને કૃપા દૃષ્ટિએ જુએ જે, ‘આ બિચારો વૈરાગ્યહીન છે, તેને કામક્રોધાદિક બહુ પીડે છે, માટે એના એ સર્વે વિકારો ટળો.’ તો તત્કાળ ટળી જાય અને સાધને કરીને બહુકાળ મહેનત કરતાં કરતાં આ જન્મે ટળે અથવા બીજે જન્મે ટળે. અને તરત જે વિકારમાત્ર ટળે તે તો પરમેશ્વરની કૃપાએ કરીને ટળે. (૯) **૨. (ગ.મ. ૫૫)** અને ભગવાનના જે એકાંતિક ભક્ત હોય તેનું જે મન તે ભગવાનના સ્વરૂપનું જ ચિંતવન કરે, અને વાણી તે ભગવાનના યશને જ ગાય, અને હાથ તે ભગવાનના ભક્તની સેવા - પરિચર્યાને જ કરે, અને કાન તે અખંડ ભગવાનના યશને જ સાંભળે. (૨૮) **૩. (ગ.મ. ૫૯)** અને ભગવાનના સંતની સેવા તો બહુ મોટા પુણ્યવાળાને મળે છે પણ થોડા પુણ્યવાળાને મળતી નથી. માટે ભગવાનના સંત સાથે એવું હેત રાખવું જેવું હેત સ્ત્રી ઉપર છે, કે પુત્ર ઉપર છે કે માબાપ ને ભાઈ ઉપર છે, તેવું હેત રાખવું; તો એ હેતે કરીને જીવ કૃતાર્થ થઈ જાય છે. (૩૦) **૪. (ગ.મ. ૫૯)** અને જેને પૂર્વ જન્મમાં ભગવાનની કે ભગવાનના ભક્તની પ્રાપ્તિ થઈ હશે તથા તેમની સેવા કરી હશે, તેને તો આ જન્મમાં ભગવાન કે ભગવાનના ભક્તમાંથી હેત મટે જ નહિ. અને નિશ્ચયમાં પણ ડગમગાટ થાય નહિ. (૩૧) **૫. (ગ.મ. ૬૩)** ભગવાન ને ભગવાનના જે સંત તેને વિષે જેને પ્રીતિ હોય, ને તેની સેવાને વિષે અતિશય શ્રદ્ધા હોય, ને ભગવાનની નવધા ભક્તિએ યુક્ત હોય, તેના જીવને તો તત્કાળ અતિશય બળ આવે છે. (૩૪)

૨. **ઉપાસના : ૧. (કારિ. ૧૦)** અને જેનો સંગ કર્યા થકી તથા જે શાસ્ત્ર સાંભળવા થકી ભગવાનની ઉપાસનાનું ખંડન થઈને સ્વામીસેવકભાવ ટળી જતો હોય તો તે સંગનો તથા તે શાસ્ત્રનો શ્વપચની પેઠે તત્કાળ ત્યાગ કરવો. (૧) **૨. (કારિ. ૧૦)** અને અમારો તો એ જ ઈશક છે ને એ જ સિદ્ધાંત છે જે તપે કરીને ભગવાનને રાજી કરવા ને ભગવાનને સર્વેના કર્તાહર્તા જાણીને અને સ્વામીસેવકને ભાવે કરીને તે ભગવાનની ભક્તિ કરવી. અને કોઈ રીતે તે ભગવાનની ઉપાસના ખંડન થવા દેવી નહિ. (૩)

**(વિભાગ:૨ ‘સ્વામીની વાતો’ ના આધારે)**

**અભ્યાસક્રમની વાતો : પ્રકરણ : ૩/૩૪, ૩૬, ૩૭, ૩૮, ૪૩, ૪૪, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૫૦, ૫૧, ૫૨, ૫૩, ૫૫, ૫૬, ૫૮, ૫૯, ૬૦, ૬૧, ૬૪, ૬૫, ૬૮, ૭૦, ૭૨**

**પ્ર.૪ નીચે આપેલાં પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૫)**

> ☞ **નોંધ : જવાબ આખા વાક્યમાં આપેલ હોવો જોઈએ. નહિ કે શબ્દોમાં. અડધા જવાબના ગુણ આપવા નહીં. પ્રશ્ન સાથે આપેલ અંક પ્રકરણ નંબર અને સ્વામીની વાતોનો નંબર આપેલ છે.**

૧. બીજાને દર્શને કરીને છાતી ઠરે તેનું શું કારણ છે ? (૩/૩૪)
જ. બીજાને દર્શને કરીને છાતી ઠરે તેનું કારણ જેની સામું જોઈએ ને વૃત્તિ પાછી વળે.
૨. કોટિ કલ્પ સુધી કોણ નિવૃત્તિ પામતો નથી ? (૩/૬૫)
જ. મોટાને વિષે દોષ જોનાર કોટિ કલ્પ સુધી નિવૃત્તિ પામતો નથી.
૩. કેવી રીતે ધ્યાન-માનસી કરીએ તો કારણ દેહ જીતાણું જણાય ? (૩/૪૩)
જ. નિદ્રા ને આળસ આવવા ન દેવી એટલે કારણ દેહ જીતાણું જણાય.
૪. જીવ ક્યાં અટકે છે ? (૩/૫૦)
જ. મહારાજને પુરુષોત્તમ સમજવા ત્યાં જીવ અટકે છે.
૫. સંપ રાખવાથી શો લાભ થાય ? (૩/૫૮)
જ. સંપ રાખવાથી અંતરશત્રુ પરાભવ પામે.

**પ્ર.૫ કૌંસમાં આપેલા વિકલ્પોમાંથી સાચો જવાબ શોધીને ખાલી જગ્યા પૂરો. (કુલ ગુણ : ૫)**

૧. જેવું **પક્ષપાતે** કરીને જીવનું ભૂંડું થાય છે તેવું તો પંચવિષયે કરીને પણ નથી થતું. (૩/૩૬)
૨. **જ્ઞાન** થાય ત્યારે સર્વે ખોટું થઈ જાય. (૩/૪૪)
૩. સાધુ ભગવાનની **ઉપાસના** કરાવે છે. (૩/૫૫)
૪. **વાતું કરવી** અધિક છે. (૩/૫૬)
૫. આવા સાધુથી નોખા પડીએ ત્યારે **નર્ક** માં પડ્યા જેવું દુઃખ થવું જોઈએ. (૩/૬૫)

**પ્ર.૬ અભ્યાસક્રમની 'સ્વામીની વાતો'ના આધારે નીચે આપેલાં વિષયોમાંથી કોઈ પણ <u>એક</u> ઉપર વિસ્તૃત નોંધ લખો. (કુલ ગુણ : ૧૦)**

> ☞ **નોંધ :- જવાબોની સમજૂતી માટે નીચેના મુદ્દાઓની આવશ્યકતા.**

| | | |
|---|---|---|
| ૧. | પરોક્ષ શાસ્ત્રોનું પ્રમાણ, પરોક્ષના ભક્તોના કીર્તન / શ્લોક અથવા સાખી | ૧ ગુણ |
| ૨. | શ્રીજીમહારાજના વચનામૃત અથવા સ્વામીની વાતુના પ્રમાણ | ૧ ગુણ |
| ૩. | નંદ પંક્તિનાં કીર્તનો અથવા ગુરુ પરંપરાના કીર્તનો - સાખી અથવા આપણા અન્ય શાસ્ત્રો | ૧ ગુણ |
| ૪. | ઉપરના સંદર્ભો વધુ સ્પષ્ટ કરતાં પ્રસંગો અથવા દૃષ્ટાંતો બે કે તેથી વધુ. | ૩ ગુણ |
| ૫. | પ્રગટ સત્પુરુષના અનુસંધાન સાથે ઉપસંહાર. | ૧ ગુણ |
| ૬. | આપનો નિર્ણય આખરી ગણાશે. | |

**૧. વિષયખંડન : ૧.** તેમ ગમે તેવો સાંખ્યવાળો હોય કે યોગવાળો હોય, તેને પણ સ્ત્રીરૂપ પાણીની ભમરી તે તો બુડાડી દે છે, તે નીસરાય નહિ; તેમ જ ગમે તેવો અંતર્દૃષ્ટિવાળો હોય તેની વૃત્તિને પણ દેશકાળાદિક આઠ છે, તે ડગાવી નાખે છે, પણ અંતર્દૃષ્ટિ થાવા દે નહિ. **(૩/૫૧) ૨.** રીંગણાં ને ગાજરની માળા ગળામાં ઘાલીને જેતલપુર જઈ ભિક્ષા માગો. પછી કોઈ કહેશે જે, ગોવિંદ સ્વામી કાંઈ જોઈશે? ત્યારે કહેવું જે, હાઉ ! અરે, ગોવિંદ સ્વામી ગાંડા થયા ? ત્યારે કહેવું જે, હાઉ ! એમ કરીને સ્વભાવ મુકાવ્યા. **(૩/૫૨) ૩.** તેમ જ વિષય કરીને તો જીવ સોરાઈ જાય છે, પણ મીઠા જળના મહાસમુદ્ર જેવો આ સત્સંગ તેમાં રહીને લીલો પલ્લવ થાતો નથી ને લોક, ભોગ ને આ દેહ તેણે કરીને તો જીવ સોરાઈ ગયા છે. **(૩/૫૯) ૪.** જેને મોટાની સમજણ આવી હોય તેને તો મહારાજની મૂર્તિ વિના ને અક્ષરધામ વિના આંહીંથી તે પ્રકૃતિપુરુષ સુધી લઘુશંકાનો વ્યવહાર દેખાતો હોય. **(૩/૬૪) ૫.** મહારાજની મૂર્તિ વિના ખાવાની વિષ્ટા ને પીવાની લઘુશંકા એવું છે, પણ જ્યાં સુધી મોહ છે ત્યાં સુધી એ વાત સમજાય નહિ, એવી મોટાની સમજણ છે. **(૩/૬૪)**

**૨. ભગવાનનો મહિમા : ૧.** જેમ જેમ જ્ઞાન થાતું જાય તેમ તેમ ભગવાનનો મહિમા જણાતો જાય. **(૩/૬૧) ૨.** પૂર્વે મોટા મોટા અવતાર થઈ ગયા છે, તે કરતાં તો આ સત્સંગીનાં છોકરાં સામું જોઈએ છીએ ત્યાં તો કરોડ કરોડ ગણું અધિક દૈવત જણાય છે; તો મોટા મોટા હરિભક્ત ને મોટા મોટા સાધુ અને મહારાજનો મહિમા તો કહેવાય જ કેમ ? તે મહારાજે વચનામૃતમાં (મ.૬૭) કહ્યું છે જે, 'હું મારા મહિમાના પારને પામતો નથી, તો બીજા તો પામશે જ કેમ ? એમ કહીને બોલ્યા જે,

मद्भयाद् वाति वातोयं सूर्यस्तपति मद्भयात् ।
वर्षतीन्द्रो दहत्यग्निर्मृत्युश्चरति मद्भयात् ॥

એ શ્લોક બોલીને કહ્યું જે, 'બળ તો બહુ દેખાડ્યું, પણ કલ્યાણ તો એક માતાનું જ કર્યું છે. (૩/૭૨)

૩. **સંતસમાગમ : ૧.** એવો સત્સંગ મળ્યો છે પણ સમાગમ વિના કોઈને ગમ પડતી નથી ને જ્યાં સુધી સત્પુરુષનો સંગ નથી થયો ત્યાં સુધી કાંઈ નથી થયું. (૩/૪૮) **૨.** તેમ જ મુમુક્ષુ હોય તે જો શ્રદ્ધાએ કરીને આ સત્પુરુષનો મન, કર્મ, વચને સંગ કરે છે તો તે બ્રહ્મરૂપ થાય છે. એમ કહીને બોલ્યા જે,

શ્રદ્ધાવાન લભતે જ્ઞાનં તત્પરઃ સંયતેન્દ્રિયઃ ।
જ્ઞાનં લબ્ધ્વા પરાં શાંતિમચિરેણાધિગચ્છતિ ॥

અને જેને એવી શ્રદ્ધા ન હોય તેને તો ''અનેકજન્મસંસિદ્ધસ્તતો યાતિ પરાં ગતિમ્ ॥'' એમ પણ કહ્યું છે, માટે સત્પુરુષનો સંગ તો મન, કર્મ, વચને જ કરવો. ત્યારે પૂછ્યું જે મન, કર્મ, વચને સંગ કેમ કરવો ? ત્યારે સ્વામી બોલ્યા જે, 'કર્મ, જે દેહ તેણે કરીને તો જેમ સત્પુરુષ કહે તેમ કરવું ને વચને કરીને તો સત્પુરુષમાં અનંત ગુણ રહ્યા છે તે કહેવા ને મને કરીને તો મોટા સાધુને વિષે નાસ્તિકપણું આવવા દેવું નહિ; ત્યારે એમ જાણવું જે, મોટા સાધુનો સંગ મન, કર્મ, વચને કર્યો છે.' એટલી વાત કરીને બોલ્યા જે, 'સંત સમાગમ કીજે હો નિશદિન સંત સમાગમ કીજે'. (૩/૬૦) **૩.** આ પ્રત્યક્ષ ભગવાનને વિષે નિષ્ઠા થઈ ને આ સાધુની ઓળખાણ થઈ, તો તે આંબા જેવા છે ને તેને સંગે તો ટાઢું થઈને સુખિયો થઈ જાય છે. માટે જે ખીજડા જેવો હોય તેનો સંગ ન કરવો ને જે આંબા જેવો હોય તેનો સંગ કરવો. (૩/૬૮)

**(વિભાગ : ૩ 'ભગવાન સ્વામિનારાયણ' પાંચમી આવૃત્તિ, એપ્રિલ,૨૦૦૫)**
**(ભાગ - ૧, ઉદ્‌ગીથ : ૧ થી ૨૨ તથા ભાગ - ૨, ઉદ્‌ગીથ : ૧ થી ૬નાં આધારે)**

**નોંધ :- (૧) અત્રે આપેલા ઉકેલપત્રમાં ફક્ત મુદ્દા જ આપ્યા છે. પરીક્ષાર્થીની રજૂઆત તથા વિચારધારા પ્રમાણે ગુણ આપી શકાય. મુદ્દાની સામે આપેલા અંક ગ્રંથનો ભાગ અને પાના નંબર દર્શાવે છે. (૨) અત્રે આપેલા પ્રસંગો અભ્યાસક્રમના આધારે તૈયાર કરેલા હોવાથી તે જ પ્રસંગો માન્ય ગણવા. તે સિવાયના પ્રસંગો માન્ય ન ગણાય. (૩) આ નોંધ પ્રશ્ન-૭ અને પ્રશ્ન-૮ બંનેને સરખી જ લાગુ પડે છે.**

**પ્ર.૭ નીચે આપેલાં વિષયોમાંથી કોઈ પણ <u>એક</u> ઉપર નિબંધ લખો. (કુલ ગુણ : ૨૦)**

> ☞ **નોંધઃ- જે પ્રશ્નમાં બાર કે તેથી વધુ પ્રસંગો આવતા હોય તેમાં વર્ણનાત્મક અને બે થી ત્રણ લીટીમાં ઉલ્લેખ કર્યો હોય તેવા ઓછામાં ઓછા દસ પ્રસંગો જરૂરી છે.**

**૧. નીલકંઠનું નિષ્કામી વર્તમાન**

| | | |
|---|---|---|
| ૧. | લોધેશ્વરમાં સ્ત્રી-પુરુષોથી અલગ જગ્યા શોધી સરોવરમાં સ્નાન કર્યું. | ૧/૧૦૬ |
| ૨. | બરેલીમાં નદીકાંઠાના બંગલામાંથી બહાર નીકળતા પનિહારીઓએ રોકતા ત્યાંથી દોડી ક્ષણમાં અલોપ થઈ ગયા. | ૧/૧૧૦ |
| ૩. | સાધુનો વિશિષ્ટ આદર્શ - સાચા હંસ - સાચા સાધુની ઓળખ. | ૧/૧૩૦ |
| ૪. | હરૈયા ગામે હલવૈની માને - 'અમે આ સમયે ત્યાગીની રીત ગ્રહણ કરી છે એટલે સ્ત્રીઓનો સ્પર્શ વર્જ્ય છે. | ૧/૧૩૬ |
| ૫. | વંશીપુરની મહારાણીને 'સ્ત્રીનો ડંસ તો જન્મોજન્મના ચકરાવામાં પણ ક્યાંય કોઈને છોડતો નથી.' 'તમારા રાજ્યમાં કે કુંવરીઓમાં બંધાવા હું આવ્યો નથી.' - નીલકંઠ વર્ણી. | ૧/૧૪૧ |
| ૬. | બુટોલપત્તનના રાજાના બગીચામાં કુંવરીઓ અને સખીને બીજા બાવાઓની દૃષ્ટિમાં વિકાર દેખાયો જ્યારે નીલકંઠ વર્ણી નીચી દૃષ્ટિ રાખી ધ્યાનમગ્ન સ્વસ્વરૂપમાં મસ્ત. | ૧/૧૬૮ |
| ૭. | સિરપુરના સિધ્ધવલ્લભ રાજાએ નીલકંઠ વર્ણીની રુચિ પ્રમાણ તેમની સેવામાં નૈષ્ઠિક વ્રતધારી સાધુ ગોપાળદાસને રાખ્યા. | ૧/૧૮૨ |
| ૮. | વનવિચરણમાં દરેક આશ્રમ, મઠમાં બ્રહ્મચર્ય પાલનનું નિરીક્ષણ. | ૧/૨૩૫ |
| ૯. | બ્રહ્મચર્યનું પ્રસારણ કરવા કુંવારી ભૂમિકા, જ્યાં મનોવૃત્તિઓનો સહેજે હ્રાસ થાય, તેવી ભૂમિની શોધમાં રામેશ્વર છોડ્યું. | ૧/૨૩૬-૨૩૭ |
| ૧૦. | તોતાદ્રિમાં જિયર સ્વામીને સ્ત્રીના ત્યાગની વાત. | ૧/૨૪૧ |
| ૧૧. | પૂનામાં બાપુ ગોખલેને બ્રહ્મચર્યરૂપી ધર્મની વિશેષતા, ભક્તિની સિધ્ધિ માટે બતાવી. | ૧/૨૪૮ |
| ૧૨. | તાપી અને મૌના નદીના સંગમ સ્થાને સ્ત્રી-પુરુષની બીભત્સતા જોઈ સ્થાનનો ત્યાગ. | ૧/૨૫૦ |
| ૧૩. | વડગામમાં તળાવ પાસેના વડ નીચે બિરાજેલા નીલકંઠને નારીઓ ભેટવા દોડી પણ વર્ણી અદૃશ્ય થઈ ગયા. | ૧/૨૭૮-૨૭૯ |
| ૧૪. | વાગડમાં કુંભાર રાણા બાવળોજના ત્યાં સ્ત્રીના પાદ સ્પર્શથી રહિત પડેલી ધૂળ પર સૂઈ ગયા. | ૧/૨૮૩ |
| ૧૫. | શિહોરમાં બ્રહ્મકુંડ પર સ્ત્રીઓની ભીડ હોવાથી તેનો ત્યાગ કરી ગૌતમકુંડમાં સ્નાન. | ૧/૨૮૪ |
| ૧૬. | બ્રહ્મચર્યના પાલક મઢડાના જેઠા મેરને ઘેર નીલકંઠ વર્ણી. | ૧/૩૦૮-૩૦૯ |
| ૧૭. | લોજમાં જીવરાજ શેઠના ડેલામાં સ્ત્રીઓથી ભરેલી સભામાં કથાનો ત્યાગ. | ૧/૩૨૨ |

૧૮. લોજ આશ્રમ અને વાળંદના ઘરની દીવાલનો ગોખલો પૂર્યો. ૧/૩૨૪

**૨. બાળ ઘનશ્યામનું ઐશ્વર્ય દર્શન**

૧. આંબલીનાં વૃક્ષને બદલે તુલસી - કડવાં ચીભડાં મીઠાં થયાં - ચકલાંને સમાધિ કરાવી. ૧/૩૬-૩૭-૩૮

૨. એક સાથે અનેક તીર્થોમાં રામપ્રતાપને ઘનશ્યામનાં દર્શન. ૧/૪૭-૪૮

૩. હલવાઈની ખાલી દુકાન મીઠાઈથી ભરી દીધી. ૧/૫૧

૪. કાઢેલા ચીભડાંના વેલા ફરી પાછા ઊભા કરી દીધાં. ૧/૫૮

૫. ઘનશ્યામને વાગેલો ખાંપો રૂઝાઈ ગયો. ૧/૬૧

**૩. નીલકંઠની કરુણા**

૧. માનસરોવરના હંસોને પશ્ચિમમાં આવવાનો આદેશ. ૧/૧૩૦

૨. રાજા રણજિતસિંહને ફરીવાર હરિદ્વારમાં મળે છે. ૧/૧૩૨-૧૩૩

૩. ગોપાળયોગી પાસે વસતા ગોવાળોની ગાયોની રક્ષા કરી. વાડામાં આવતાં હિંસક પ્રાણીઓ બંધ થઈ ગયાં. ૧/૧૭૩

૪. કાઠમંડુના રાજા રણબહાદુરનું પેટશૂળનું દર્દ મટાડ્યું - નિર્દોષ સાધુઓને બંદીખાનેથી મુક્ત કરાવ્યા. ૧/૧૭૯

૫. પોતાની વાણીને શાપ. ૧/૧૮૦

૬. સિરપુરમાં વેરાગીઓના અભિચાર પ્રયોગના ભોગ થયેલા ગોપાળદાસ સેવકની સમગ્ર વ્યથા ટાળી. ૧/૧૮૫-૧૮૬

૭. મૂર્છિત થયેલા બંગાળના બાવાઓની જમાતને જાગ્રત કરી સન્માર્ગે વાળ્યા. ૧/૧૮૭

૮. કરુણાદૃષ્ટિ રે દેખી વાન જ વાળે - તેલંગી બ્રાહ્મણને બ્રાહ્મણત્વનું ઓજસ પાછું આપ્યું. (કાળપુરુષ ને હાથી દાનમાં લીધા.) ૧/૧૮૮

૯. પિબૈકના કાનમાં કૃષ્ણમંત્ર કહી સ્વસ્થ કર્યો. ૧/૧૯૫

૧૦. તેલંગ દેશના રાજાનો ઉદ્ધાર ૧/૨૩૧

૧૧. સેવકરામની સેવા કરી. ૧/૨૩૨-૨૩૩

૧૨. બુધેજમાં ખોડાભાઈની મળેલી જુવારના થોડા દાણા મોંમાં મૂકી રાજા-પ્રજાનું કલ્યાણ - કબૂતરોને જુવાર નાખી પોતાના સંબંધે કલ્યાણ. ૧/૨૭૬

૧૩. લાખા કોળીની ઝોળીમાં માછલાં સજીવન કર્યાં. ૧/૨૮૦

૧૪. ગોવર્ધનભાઈની ફોઈ પૂતળીબાઈને નરકમાંથી છોડી. ૧/૩૧૦

**પ્ર.૮ નીચે આપેલાં વિષયોમાંથી કોઈ પણ બે ઉપર મુદ્દાસર નોંધ લખો. (કુલ ગુણ : ૨૦)**

☞ **નોંધ : જે પ્રશ્નમાં વધારે પ્રસંગો આવતા હોય તેમાં વર્ણનાત્મક અને બે થી ત્રણ લીટીમાં પ્રસંગના ઉલ્લેખ સાથે પાંચ પ્રસંગો આપવા જરૂરી છે.**

**૧. સુંદરજી સુથારની કસોટી**

૧. કચ્છના સુંદરજી સુથાર બંધિયામાં મહારાજના દર્શને. ૨/૧૭

૨. આપના પ્રતાપે સુખિયો છું ને વધુ સુખિયા રહેવાય તે માટે આ દાસ ઉપર દયા રાખજો. ૨/૧૯

૩. ભગવાં પહેરો અને ઊપડો કાશીની જાત્રાએ. ૨/૧૯

૪. ડોસાભાઈએ પણ રામાનંદ સ્વામીની આજ્ઞા પાળી ન હતી. તેના પ્રાયશ્ચિત્તરૂપે કાશીએ જવાની આજ્ઞા. ૨/૨૦

૫. અમે કેવાં કામ કર્યાં ? દીવાનને મૂંઝ્યા અને શેઠનેય પ્રાયશ્ચિત્ત આપ્યું. શ્રીહરિ - મુક્તાનંદ સ્વામીને. ૨/૨૦

૬. 'મહારાજ ! બહૂ ભૂંડું કર્યું. હવે કચ્છમાં પણ ઉપાધિ શરૂ થઈ જશે.' - મુક્તાનંદ સ્વામી. ૨/૨૦

૭. પાપ નામનો પિતરાઈ હતો તેનું સૂતક ઉતાર્યું.-આવી આકરી કસોટી હવે બીજાની કરશો નહિ. - સુંદરજી. ૨/૨૦

**૨. ગજા ગઢવી પૂર્ણાનંદ બન્યા**

મેથાણના ગજા ગઢવીને મેમકામાં મહારાજની ચાલ જોઈ ભગવાનનો નિશ્ચય - ગજા ગઢવીનો પરિચય - બે જણાને સમાધિ - બીજાનાં નાડી-પ્રાણ ખેંચે કે ન ખેંચે પણ આ જરૂર ભગવાન છે - મહારાજ દ્વારા દીક્ષા - પૂર્ણાનંદ સ્વામી. ૨/૩૭-૩૮

**૩. લોજમાં નીલકંઠની સેવા**

૧. આશ્રમની નાની-મોટી સેવા - સદા ધ્યાનસ્થ વર્ણી. ૧/૩૨૪-૩૨૫

૨. સંતોને યોગકળાના આસનો, સાધુઓને ધ્યાનમાં બેસારતા. ૧/૩૨૪-૩૨૫

૩. બ્રહ્મપથના ભોમિયા સરજુદાસ, લોજમાં સૌને વહાલા સરજુદાસ. ૧/૩૨૭

૪. ભીક્ષા માગવી, અઢાર મણ ચીભડાંનો ભાર ઊંચક્યો. ૧/૩૨૬,૩૨૭

૫. મુક્તાનંદ સ્વામીને પ્રશ્ન ધ્યાન સગુણ કે નિર્ગુણ ? ૧/૩૩૯

**૪. મુક્તાનંદ સ્વામીનું પરિવર્તન**

| | | |
|---|---|---|
| ૧. | મુક્તાનંદ સ્વામી શ્રીહરિને ઠપકો આપવા આવે છે. | ૧/૪૪૧ |
| ૨. | સંતદાસને સમાધિ - રામાનંદ સ્વામીનો મુક્તાનંદ સ્વામીને સંદેશો. | ૧/૪૪૩ |
| ૩. | કાલવાણી ખાખરાના વનમાં મુક્તાનંદ સ્વામીને રામાનંદ સ્વામીના દર્શન. | ૧/૪૪૩-૪૪૪ |
| ૪. | મુક્તાનંદ સ્વામીનું પરિવર્તન. | ૧/૪૪૪ |
| ૫. | જય સદ્‌ગુરુ સ્વામી.. આરતીનો જન્મ. | ૧/૪૪૫ |
| ૬. | આ જ્ઞાન થયું તે જ સમાધિ ....... મયારામ ભટ્ટને મુક્તાનંદ સ્વામીનો જવાબ. | ૧/૪૪૫ |

❑ ❑ ❑